સાલ : ૧૩ / સિલસિલાવાર નંબર : ૧૩૨ / શુમારો : ૬

કુલ પાના - ૧૨+૪

مشکوة الهادی

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

ઝુલ કાઅદતિલ હરામ - ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૩૭ / જૂન-જૂલાઇ ૨૦૧૬

# તૌરતનો હુકમ

શરમગાહની આફત ઝિના છે. ગૈરજાઈઝ જિસ્માની-જિન્સી તઅલ્લુકાતની બદીના સબબ ખુદાતઆલા શદીદમાં શદીદ અઝાબ નાઝિલ ફરમાવે છે. આ ખરાબીના સબબ કૌમોની કૌમો તબાહો તારાજ થઈ ચુકી છે. આ બદીને રોકવાને અને ઝાની-ઝાનીયહને સબક શિખાવવાને વાસ્તે શરીઅતે મોહંમદીયહમાં સખ્તમાં સખ્ત સઝા ફરમાવવામાં આવી છે. પણ હર ઝમાનમાં એવા શયતાન-સિફત લોગો પૈદા થાય છે, જે ઝિનાખોરીને પોતાની ઝિંદગીની રવિશ બનાવી લે છે અને **પોતાના નાપાક જિસ્મોંને જહન્નમનું ઇંધણ બનાવી લે છે.**

મદીનતુલ મુનવ્વરહમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઝમાનમાં આ વાકેઓ બનો છે કે, જેમાં બે માલદાર મરદો-બૈરોએ આપસમાં ઝિના કીધી. આ વાત ઝિયાદહ દિન તક છુપી ન રહી. સબબ કે, આ આદતે બદ પર તેઓ દિનો તક સવાર રહ્યા. જે વક્ત યહૂદી આલિમોંને આ વાતની ખબર પડી તો એક ઘરમાં તમામ જમા થયા અને મશ્વરો કીધો કે, કઈ તરહ આ બદીને રોકવી કે, બીજા લોગો પર તેનો અસર ન પડે. આ સાથે જે બે મરદો અને બે બૈરોએ ઝિના કીધી છે તેને કઈ તરહ સઝા કરવી. **આલિમોંના આ ગિરોહ માંથી થોડા લાલચી હતા, તમાઅખોર હતા અને દૌલતપસંદ હતા.** જે વક્ત ઝાની મરદો અને ઝાનીયહ બૈરોને આલિમોંની આ કૈફયિતની ખબર પડી તો તેઓએ માલો દૌલતની લાલચ બતાવીને આલિમોંને ખરીદી લીધા. લાલચખોરોએ દૌલત દબાવીને જે આલિમોં પરહેઝગાર હતા તેઓને ધમકાવીને બેસાડી દીધા. યહૂદીઓ જે વક્ત આલિમોંના નઝદીક તે ઝિનાખોરોંની સઝા વાસ્તે સવાલ કરવા લાગા, તો તેઓ ઝિના વાસ્તે તૌરતના હુકમને જારી કરવામાં બહાનાબાઝી કરવા લાગા, ગલ્લા-તલ્લા કરવા લાગા અને એમ સાબિત કરવા લાગા કે, એવો કોઈ ઝિનાનો વાકેઓ બનો જ નથી.

યહૂદીઓ આ મસઅલો લઈને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે પૈશ થયા. તેઓના સાથે તેમનો આલિમ અબ્દુલ્લાહ બિન સૂરીયા પણ હાઝિર થયો. તેઓ કહેવા લાગા કે, અય સાહેબ! ફલાઁ-ફલાઁ મરદો-બૈરોએ ઝિના કીધી છે, તે તો સાબિત જ છે, શાહિદો હાઝિર છે અને તમામ સુબૂત કાઈમ છે. આપ હવે ફેસલો કરો. નબી સાહેબે ફરમાવું કે, **કઈ કિતાબથી ફેસલો કરૂં, તમારી કિતાબ કે મારી કિતાબ?** યહૂદીઓ કહેવા લાગા કે, બેવે કિતાબથી હમને બતાવો અને ઝિનાખોરોની સઝા કિતાબુલ્લાહથી મુકર્રર કરો. નબી સાહેબે ફરમાવું કે, કુરઆને કરીમના હુકમ મુજબ આ ઝિનાખોરોની સઝા રજમ છે, સંગમાર કરવું છે યાઅની પત્થર મારી મારીને તેઓને મારી નાંખો અને તેનો તરીકો આ મુજબ છે. તૌરતમાં પણ આ જ મુજબ હુકમ આવો છે. યહૂદી આલિમ અબ્દુલ્લાહ બોલો કે, તમેં ગલત બોલો છો. તૌરતમાં આ હુકમ છે જ નહીં. હમેં ઝિયાદહ જાણીએ છીએ કે, ખુદાએ હમારી કિતાબમાં શું હુકમ આપો છે. નબી સાહેબે ફરમાવું કે, અય લોગો! તૌરત લાવો. જે વક્ત આપે તૌરત ખોલી અને તે હુકમની જગા નિકાલીને અબ્દુલ્લાહને બતાવી તો તેએ તે જગા પર પોતાનો હાથ મુકી દીધો અને તેને છુપાવવા લાગો. તેના બાઝૂમાં ઉભેલા એક બીજા યહૂદી આલિમ અબ્દુલ્લાહ બિન સલામે આ ચીઝ જોઈ તો તેના હાથને પકડો અને ઝોરથી હટાવી દીધો અને લોગોને તૌરત માંથી ઝિનાની તે આયતને પઢીને સંભલાવી. લોગોને ફૌરન આલિમોંની જેહાલત, દૌલતપરસ્તી અને જૂઠની ખબર પડી ગઈ. **તેઓ નબી સાહેબની આફરીન પુકારવા લાગા.** ઝિનાખોરોને પકડીને લાવા. નબી સાહેબે તે જ વક્ત રજમની સઝાનો હુકમ જારી કીધો. આ વાકેઆના સબબ યહૂદી ઓલમા અને તેઓના ખુશામદી લોગો ત્યાંથી ચાલા ગયા. તેઓ પોતાની અકડ પર રહ્યા અને નારાઝગી સાથે દીને ઈસ્લામને ખિલાફ ઝહેર ઓકવા લાગા.

(બકીયાહ પેજ નં. ૧ ૨ પર)

**નિય્યત કરશો તો અમલ કરશો.**

# કીડી

ખુદાતઆલાની મખ્લૂકાત-ક્રિએશન જેમાં જાનદાર અને ગૈર-જાનદાર બેવે શામિલ છે, તેમાં ઈન્સાન તમામ પર કાબિઝ, હાવી, તાકતવર અને ગાલિબ છે. પોતાની હુશિયારીથી તે હર કોઈને કંટ્રોલમાં કરી શકે છે. તેની આ હુશિયારી અને બીજા પર હુકૂમત જમાવવાની તાકત આવી કઈ તરહ! ખુદાતઆલા ફરમાવે છે કે, **"ઝરૂર અક્લવાલા ઈન્સાન વાસ્તે તેની બહેતરી કરવા હર ચીઝમાં ઈબરત અને સબક છે."** ઈન્સાન પોતાના નઝદીકની હર ચીઝને જે વક્ત જોઈ છે તો અહેસાસ કરે છે કે, પોતાનામાં જે કમી છે, કુસૂર છે, નુક્સ છે તેને દૂર કરવા મારા સિવાય જે મખ્લૂકાત છે, કે જે મારા જેમ જ ઝમીન પર રહે છે, તેનામાં એવી કઈ ખૂબી અને હુશિયારી છે, જેને અપનાવીને પોતે હું મારામાં રહેલી કમીને પૂરી કરી શકું.

પોતાને એક હદ તક કામિલ બનાવવાની અને બીજા કરતા ચાલાક બનવાની તમન્નાના સબબ ઈન્સાન, પરિન્દા, ચોપાયા જાનવરોં, કીડા, વહેશી હયવાન વગૈરામાં ખુદાતઆલાએ તેની આદતોં મુજબ જે જે ખાસીયતો મુકેલી છે તેને કામે લગાડીને, અપનાવીને, Develop અને Practice કરીને તેમાં ફનકારી હાસિલ કરી લે છે. આકિલ ઈન્સાન તે જ છે જે બીજામાં રહેલી ખૂબીઓ લઈ લે અને ખરાબીઓને છોડી દે. આમ કરતા કરતા ઈન્સાન બીજાઓથી ઘણું ઘણું શીખેલો છે અને ઝરૂરત મુજબ કારીગર અને માહિર બનેલો છે.

અપના આસપાસ અપને નિગાહ નાખીએ તો માઅલૂમ થાય છે કે, કીડી જેવી એક માઅમૂલી મખ્લૂકમાં પણ ખુદાતઆલાએ ઈન્સાન વાસ્તે ઈબરતની કિતાબોં મુકેલી છે. કીડી તેના જિસ્મના લેહાઝથી ઘણી જ નાની છે પણ તેના અમલ કરવાના તરીકા અઝીમ અને આઅલા છે. કીડીઓના કામ કરવાના અંદાઝને જો અપને બારીકી, સબર અને ચશ્મે બસીરતથી જોઈએ તો અપની ઝિંદગીના ઘણા બધા ઉકદાનો હલ નિકલી શકે છે.

✵ કીડીઃ કેટલી પણ રૂકાવતો અપને કીડીની રાહમાં મુકીએ, પણ તેમાં એવી આવડત અને Flexibility છે કે, તે પોતાનો રસ્તો કાઢી જ લે છે. રૂકાવટોના સાઈડથી, નીચેથી, ઉપરથી યા કોઈ બીજો જ રસ્તો પકડીને તે હમેશા પોતાની મંઝિલ પર પહોંચી જ જાય છે, કામને પૂરૂં કરી જ લે છે.

• અપનેઃ શું અપને અપના કામમાં Flexible છીએ? રોઝમર્રાના કામ માંથી થોડો વક્ત કાઢીને બચ્ચાં વાસ્તે, બૈરો વાસ્તે, ફેમિલી વાસ્તે, દોસ્તો વાસ્તે યા કોઈ નવી ચીઝ શીખવા કે બીજાને શીખાવવા કોશિશ કરીએ છીએ? રૂકાવટોથી ન ડરીને અપની મંઝિલે મુકર્રર તરફ જાવાની રાહને તલાશ કરીએ છીએ?

✵ કીડીઃ જે વક્ત ગરમીની મૌસમ હોય છે તે વક્ત વરસાદની મૌસમ વાસ્તે જમવાનું, રહેવાનું અને હિફાઝતથી તે અય્યામ ગુઝરે તેના વાસ્તે તૈયારીઓ કરે છે.

• અપનેઃ ગયેલા વક્ત અને હાલીયહ વક્તમાં જે જે તકલીફોનો અપને સામનો કરવો પડે છે યા તો તે તકલીફ અપના તરફથી હોય યા બીજા તરફથી, તેનાથી સબક લઈને શું આવનાર વક્તમાં અપને તે જ તકલીફો નો સામનો ન કરવો પડે તેના વાસ્તે અપને તૈયારી અને તસ્દીઅ કરીએ છીએ. **મન્સૂબએ મુસ્તકબિલ કરવું-Future Planning કરવું આકિલ ઈન્સાનની નિશાની છે.**

✵ કીડીઃ કેવા પણ વક્તમાં તે પોતાની ઝિમ્મેદારી, તાકત અને પહોંચ મુજબ કામ કરી જ લે છે. જિસ્માની કદનો સવાલ નથી પણ હર નામુમ્કિન કામને ને મુમ્કિન બનાવે છે, તેને પૂરી મહેનત સાથે અંજામ આપે છે અને ટાર્ગેટ પરથી તે નઝર હટાવતી નથી.

• અપનેઃ શું અપને અપના કામમાં મહેનતકશીની જાન ફૂંકીને પૂરા જોશ સાથે તેને અંજામ આપીએ છીએ. જે શખ્સ ઘણા બધા કામ એક સાથે હાથમાં લેતો હશે તે અકસર વક્ત નાકામિયાબ થાતો હશે. કેમકે, તમામ કામ અધૂરા અને નામુકમ્મલ રહેતા હશે. તો અપને કોઈ એક કામ લઈએ, તેને પૂરા કરવા પર મઝબૂત અને અડગ રહીએ, ભલે ને હાલાત તે કામના ખિલાફ થઈ જાય.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**તમેં કોઈને આપશો તો કોઈ તમને આપશે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) _______ લોગોને કુરઆને કરીમમાં ખુદાતઆલા અબરાર કહે છે અને બુરા લોગોને અશરાર કહે છે. (૨)

૨) શાનો શૌકત, કિસ્મતો ઈકબાલ, જાહો _______. (૩)

૩) કરબલામાં મૌ. અબ્બાસ અલમદારની શહાદત પર મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની _______ તૂટી ગઈ હતી. (૩)

૭) કમ્ઝોર, કમ, અધૂરૂં. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) ઈમાન બગૈર _______ થયેલા શખ્સની કોઈ નજાત નથી. (૩)

૪) અચાનક દૌલત આવવાના સબબ ઈન્સાનમાં ઐશ અને _______ વધી જાય છે. (૨)

૫) ઝિંદગી કોઈની પણ એક ચાલ પર ચાલતી નથી, તેથી જ તો તેમાં _______ છે. (૨)

૬) ચાલબાઝી, ધોકેબાઝી, _______ બાઝી. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | સ | | |
| | વ | ફા | ત | |
| ખા | કી | ╳ | મા | લ |
| | લ | ગા | મ | |
| | | હ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✫

## ચિરાગ

પહેલા દાઈએ મુત્લક સૈયેદના ઝોએબ બિન સૈયેદી મૂસા અલ-વાદેઇ (આ.કુ.) આપના કલામે પુરનસીહતમાં ફરમાવે છે કે, જે વક્ત ઈલ્મ પઢનારનો જાન-નફસ, ઈલ્મ પઢાવનાર-ઉસ્તાદના ફાયદાઓને કુબૂલ કરે છે, એની ઝબાનીથી ઈલ્મના કલામને સાંભલે છે, દિલમાં નસીહતને ઉતારે છે તો ઉસ્તાદની ઈલ્મી સૂરત તાલિબે ઈલ્મ-શાગિર્દ-મોતઅલ્લિમના દિલમાં પૈદા થાય છે.

જેમ જેમ શાગિર્દ એના ઉસ્તાદના કહેવા મુજબ અમલ કરતો જાય છે તેમ તેમ તેનામાં ઉસ્તાદની સૂરત મુકમ્મલ થાતી જાય છે. ઉસ્તાદની ઝલક શાગિર્દમાં જોવા મિલે છે. વક્ત થાતા શાગિર્દ કિસ્મ-કિસ્મની ચીઝો ઉસ્તાદ પાસેથી હાસિલ કરતો જાય છે અને ઝિંદગીના મુઆમેલાતની મુખ્તલિફ તસ્વીર બનતી જાય છે. જેમ આઇનામાં કોઇ સૂરત નઝર આવે છે તેમ શાગિર્દને એની સૂરતમાં ઉસ્તાદની ઈલ્મી સૂરત નઝર આવે છે.

ખુદાતઆલાએ ચિરાગને પૈદા કીધો છે. જે રોશની ફેલાવે છે. જેમ ચિરાગમાંથી ૧૦૦ ચિરાગ રોશન થાય છે અને તે એક ચિરાગની રોશની કોઇ વક્ત કમ થાતી નથી. પછી ૧૦૦ ચિરાગના ઝરીએ બીજા ૧૦૦૦ ચિરાગ રોશન થઇ શકે છે. હર ચિરાગની રોશની અલગ છે પણ જે વક્ત તમામ ચિરાગ ભેગા થાય છે તો તે તમામ રોશનીઓ જમા થઇને એક અઝીમ રોશની બને છે. તે જ મુજબ ઉસ્તાદ ભલે એક હોય પણ હઝાર શખ્સોને પઢાવીને એ તૈયાર કરે છે. આ હઝાર શખ્સોમાં તે એક ઉસ્તાદના ઈલ્મની રોશની નમૂદાર થાય છે. હઝાર શખ્સોને પઢાવા બાદ પણ તે ઉસ્તાદમાં ઈલ્મની કોઇ કમી વાકેઅ થાતી નથી.

ચિરાગથી ચિરાગ જલે છે અને તેની રોશનીથી હર શખ્સ મુનવ્વર થાય છે. ઈલ્મથી ઈલ્મ પૈદા થાય છે અને તેની રોશનીથી ઝિંદગીએ આખેરત તાબિંદા થાય છે. ✫

**મોબાઈલની લતનું તૂફાન ઘરમાં તબાહી મચાવે**
**તેના કરતા તેના ઈસ્તેમાલને મહેદૂદ કરી લેવો કાબિલે મન્ઝૂર છે.**

**નમાઝ પઢશો તો શુક્રગુઝારી શીખશો.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૫

### આ તરહ પણ થાય છે શૌહરની ખિદમત અને તેનો સવાબ

ખુશકિસ્મત છે તે મરદે મુમિન કે જેના બૈરો અફીફહ, આબેદહ, ઝાહેદહ, તાહેરહ અને ખિદમતગુઝાર હોય. ઘર, બૈરો અને સવારી (વાહન) થી કોઈ પણ શખ્સની પહેચાન થાય છે. આ ત્રણે ચીઝ બરાબર હશે તો તે સુખી થાશે. ભલે ને સવારીના લેહાઝથી સાયકલ હોય યા ઘરના લેહાઝથી ૧૦X૧૦ ફૂટની ખોલી હોય. પણ જો તેના બૈરો ખૌફે ખુદા રાખનાર, ઘરને સાચવનાર, શૌહરની બાખુલૂસ ખિદમત કરનાર, જે પણ કઈ રોઝી તે લાવે તે પર શુક્ર કરનાર અને હર હાલતમાં તેનો સાથ આપનાર હોય, તો તે શખ્સ જીતી ગયો. તે બૈરોના સબબ તેનું ઘર ગુલે ગુલ્શન બની જાશે.

એક પરહેઝગાર ઈસ્રાઈલી શખ્સ એક કરીયા-ગામમાં રહેતો હતો. હલાલ રોઝી કમાવવા તે ફજરથી નિકલી જાતો અને મગરિબ થાય તે પહેલા ઘરે આવતો હતો. તે શખ્સની બૈરો ખૂબ ઈબાદતગુઝાર હતી અને ઘરની તમામ ઝિમ્મેદારીયોંને માથે ઉઠાવતી હતી. મરદ થાકીને ઘરે આવે કે તે બૈરો તેની નિગાહ સામે જોયા કરે, **મરદ કઈ બોલે તે પહેલા તે ખિદમત બજાવતી હતી.** મરદ પણ ખુદાની બારગાહમાં તેની બૈરોની ખિદમતના સબબ શુક્રગુઝારીના સજદા અદા કરતો. સાંજે જે વક્ત મરદ જમવા વાસ્તે બેસતો તો તેની બૈરો શમઅદાન લઈને આવતી અને જહાઁ તક તે જમી ન લેતો વહાઁ તક તેના સામે શમઅને લઈને ઊભી રહેતી.

ખુદાની હિકમત એ હતી કે, ભલે તેનામાં શૌહરની ખિદમત કરવાનું આઅલા જૌહર હતું પણ શિક્લો સૂરતથી તે કાલી હતી અને આઁખોંથી માઅઝૂર હતી યાઅની કાની હતી. મગર મરદ એ તરહ તેની ખિદમતથી ખુશ હતો કે, તે તેની બૈરોના રૂપ વાસ્તે કે આઁખની ખામી વાસ્તે ખુદાને કોઈ વક્ત શિકાયત નહોતો કરતો. રોઝ સાંજે જે વક્ત બૈરો જમન લઈને આવતી તો તે કહેતો કે, “તું શમઅને ઝમીન પર મુકી દે, મારા સાથે બેસી જા અને જમી લે.” બૈરો જવાબમાં કહેતી કે, “આપ મને આપ વાસ્તે જે મારા ઉપર ફરઝ છે, હક્ક છે તે મને અદા કરવા દો. શાયદ કે જે ખિદમત આજે આપની મારાથી થાય છે તે હું કાલે ન કરી શકું.”

એક દિન તે રોઝની આદત મુજબ શૌહરને જમન જમાડી રહી હતી કે, શમઅ ગુલ થઈ ગઈ. તે મરદ જમી રહ્યો હતો મગર ઝૂંપડીમાં ચારે બાઝૂં અંધારૂં થઈ ગયું હતું. જલ્દીમાં ને જલ્દીમાં તેને કોઈ લાકડી હાથ ન લાગી તો પોતાના સરના બાલની વીણને કાપી તેને શમઅને રૌશન કીધો. જે જગા પર તે ઉભી રહેતી હતી ત્યાં શમઅદાન લઈને ઉભી થઈ ગઈ. તેએ શમઅને કઈ તરહ જલાવો તેની ઝિક્ર પોતાના મરદ નઝદીક ન કીધી. હસ્બ માઅમૂલ આદતન શબ-બસરી કીધી.

ફજરમાં મરદ-બૈરો જે વક્ત ઉઠા અને મરદ ઈબાદતે ખુદાવંદીમાં મશ્ગૂલ થયો અને બૈરો ફજરના ઘરના તકાઝા-કામકાજ કરવા લાગી, તે વક્ત સજદા માંથી ઉઠતા ઉઠતા તેની નઝર બૈરોના ચહેરા તરફ ગઈ. શું જોઈ છે કે, **તેનો ચહેરો ખૂબ નૂરાનીદાર, બાહુસ્નો જમાલ અને ખૂબસૂરત થઈ ગયો છે. આઁખોંની ખામી દૂર થઈ ગઈ છે.** બૈરોનો પૂરો લિબાસ તબ્દીલ થઈ ગયો છે અને તેની શિક્લો શમાઈલ હસીનતર થઈ ગઈ છે. મરદને પોતાની આઁખોં પર યકીન ન્હોતું થાતું. તે પોતાની બૈરોને ખૂબરૂ જોઈને ખુદાની હમ્દો સના પઢવા લાગો. હાતિફની નિદા થઈ કે, “ખુશખબરી લો અય બંદા! તમારા વાસ્તે તમારા બૈરોની બેઈન્તેહા ખિદમતના સબબ તમને ખુદા તરફથી હદીયો છે, ઈન્આમ છે. બૈરોએ તમારા વાસ્તે પોતાના માથાના બાલ કાપી નાંખા તો ખુદાએ તેની બદસૂરતીના તમામ દાગ મિટાવી દીધા. જેમ આજે તમને તમારા બૈરો મહેબૂબ છે તેમ ખુદાની નઝરમાં તમારા બેવેની ઈબાદત અઝીઝ છે.” ✯

---

**રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને હજ્જ કરવા વાસ્તેનો સવાલ થયો કે, કોઈ શખ્સ ઝિંદગીભર માલો દૌલત જમા કરે, દુનિયાદારીના તકાઝાઓ પૂરા કરા કરે મગર હજ્જ કરવા તરફ તવજ્જોહ ન કરે, યહાઁ તક કે તેને મૌત આવી જાય તો તેનો શું હુકમ? નબી સાહેબે ફરમાવું કે, એવા શખ્સ વાસ્તે અલ્લાહતઆલા ફરમાવે છે કે, “વ નહશોરોહૂ યૌમલ કેયામતે આઅમા”, યાઅની કે, હમેં તેને કેયામતના દિન આંધલો ઉઠાવીશું. તેનો હશર બેનૂર આઁખોં સાથે થાશે. અરઝ કરવામાં આવી કે, શું આંધલો ઉઠાવવામાં આવશે? આપે જવાબ આપો કે, હાઁ, તે શખ્સ ખૈરના રસ્તેથી અંધો થયો છે.** ✯

**તમારા ગુનાહોંનો એતેરાફ કરશો તો તૌબા કરશો.**

## મૌ. અબૂઝર (રિ.અ.) ના સવાલ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના જવાબ

સવાલ : મસ્જિદનો એહતેરામ શું છે?

જવાબ : તેમાં દાખિલ થયા પછી તહીયતુલ મસ્જિદની બે રકઅતની નમાઝ પઢવી.

સવાલ : કયા આઅમાલને ખુદાતઆલા ખૂબ પસંદ કરે છે?

જવાબ : તેના પર ઈમાન લાવવું અને પછી તેની રાહમાં જેહાદ કરવું.

સવાલ : કયા મુમેનીનનું ઈમાન કામિલ કહેવાય?

જવાબ : જે મુમેનીન અખ્લાકથી બહેતરમાં બહેતર હોય.

સવાલ : કયા મુમેનીન અફઝલમાં અફઝલ છે?

જવાબ : જેના હાથ અને ઝબાનથી અહલે ઈસ્લામ સલામતીમાં હોય.

સવાલ : કઈ હિજરત અફઝલ છે?

જવાબ : જે વક્ત ઝુલ્મ થાતો હોય અને દીનના અરકાનને કાઈમ કરવું મુશ્કિલ હોય.

સવાલ : રાતના કયા વક્તમાં ઈબાદત કરવું અફઝલ છે?

જવાબ : અડધી રાતના હંગામમાં.

સવાલ : નમાઝનો કયો હિસ્સો બહેતર છે?

જવાબ : કુનૂત કરવાનો.

સવાલ : કયો સદકો અફઝલ છે?

જવાબ : ઓછા અને ઝરૂરીયતના રૂપિયા હોય અને તેમાંથી છુપી રીતે ફકીરને સદકો આપવો.

સવાલ : કઈ જેહાદ અફઝલ છે?

જવાબ : દુશ્મનના ઘોડા (સવારી) ને ઝખ્મી કરીને તેને એ મુજબ ઝમીન પર પછાડવો કે હથિયાર ન ચલાવી શકે.

સવાલ : કઈ આયત કે જે કુરઆને કરીમમાં હોય, આપના પર નાઝિલ કરવામાં આવી હોય, અને તે તમામ કરતા અઝમતવાલી અને ફઝીલતવાલી છે?

જવાબ : આયતુલ કુરસી

સવાલ : મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના સહીફામાં શું છે?

જવાબ : તે સહીફામાં ખુબ-ખુબ મિસાલો છે. ઈન્સાન દુનિયામાં મગરૂર થઈ જાય છે. ગુરૂરના સબબ તે બીજા પર ઝુલ્મ કરે છે. નબીને મબ્ઊસ કરવાનો સબબ એ છે કે, તે મઝલૂમની હાજિત પર નિગાહ કરે, તેનો હક્ક જે થાય તે તેને અપાવે, ભલેને તે મઝલૂમ કાફિર હોય કે ફાજિર હોય.

સવાલ : આકિલ શખ્સ શું અમલ કરે છે?

જવાબ : આકિલ શખ્સ ચાર ચીઝો કરે છે. ૧) જે વક્ત તે એકલો-તન્હા હોય છે તો પોતાના રબને મુનાજાત કરે છે. રબ સિવાય પોતાની રૂદાદ અને હાલાતે દિલીને બીજાના નઝદીક ફાશ કરતો નથી. ૨) જે વક્ત તેની નઝર તેના આસપાસના માહૌલ ઉપર પડે છે તો તેમાં રહેતી અજીબો ગરીબ ચીઝોની પૈદાઈશ પર ગૌરો તદબ્બુર કરે છે અને ખુદાતઆલા એક આઅલા ખાલિક છે તેની માઅરેફત કરે છે. ૩) જે વક્ત તે જોઈ છે કે ફલાઁ-ફલાઁ શખ્સ ગુઝરી ગયા છે તો તે પોતાની ઝાત પર નિગાહ કરે છે અને મૌત વાસ્તે તૈયાર રહે છે. આગલા-પાછલા ગુનાહોંનો હિસાબ ચોખ્ખો રાખે છે. ૪) જે વક્ત કોઈ પણ જગા પર તે જમવા-પીવા જાય છે તો હલાલો હરામનો પૂરો ખયાલ રાખે છે.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**ખુદાતઆલાની કુદરતને જાણશો તો દોઆ કરશો.**

(પેજ નં. ૫ નું બાકી)

સવાલ: આકિલ શખ્સ શું પસંદ કરતો નથી?

જવાબ: ત્રણ ચીઝો તેને બિલકુલ પસંદ હોતી નથી. ૧) પોતાની આખેરત બિગડે તે, ૨) તદબીર બગૈરની પોતાની ઝિંદગી હોય તે, ૩) હરામ ચીઝોથી લઝઝત ઉઠાવવાની હોય તે.

સવાલ: આકિલના કલામ કેવા હોય છે?

જવાબ: આકિલના કલામ એવા કે, તે જે કઈ બોલે અને ઝમાના માંથી કોઈ શખ્સ તેના નઝદીક આવીને કોઈ પણ લફઝનો સવાલ કરે તો હર લફઝની તેના પાસે હુજ્જત હાઝિર હોય. આકિલ કોઈ કલામ કરે જ નહીં જહાઁ તક તેની બુનિયાદ તેના અમલ પર ન હોય. આકિલ તે જ હશે કે ઓછું બોલશે અને જે વક્ત બોલશે તો માઅના અને ફાયદાથી લબરેઝ બોલશે.

સવાલ: મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના સહીફામાં શું છે?

જવાબ: મૌ. મૂસાના સહીફા આઅલા અને ગહેરા હિકમતના કલામોંથી ભરેલા છે. તેમાં છે કે, ઈન્સાન વાસ્તે તે અજબની વાત છે કે, તેને મૌતનું યકીન હોય તેના બાવુજૂદ તે ફરહતો મસર્રતમાં રહેતો હોય. કેવું અજીબ કહેવાય કે, ઈન્સાનને જહન્નમની આગની હકીકત ખબર હોય તેના બાવુજૂદ તે દુનિયામાં હસા કરે. કેવું અજીબ કહેવાય કે, તે પોતાની નઝરથી દુનિયાને જોઈ, દુનિયાવાલાઓ કઈ કઈ ચીઝોનો સામનો કરી રહ્યા છે તેને જોઈ, હર ઘડી દુનિયાના હાલાત કઈ તરહ બદલાઈ રહ્યા છે તે જોઈ, તેના બાવુજૂદ તેના દિલને ઈત્મિનાન હોય. અજબ છે તે ઈન્સાન વાસ્તે કે, તેને આવતીકાલના હિસાબનું યકીન હોય અને તે કોઈ અમલ ન કરે, કોઈ તૈયારી ન કરે.

સવાલ: અય રસૂલુલ્લાહ! ખુદાતઆલાએ આપના ઉપર કઈ ચીઝને નાઝિલ ફરમાવેલી છે કે, જે મૌ. ઈબ્રાહીમ અને મૌ. મૂસાના સહીફાઓમાં હતી?

જવાબ: અય અબાઝર! આ આયત પઢો : "કદ અફલહા મન તઝક્કા . . . . . સોહોફે ઈબ્રાહીમા વ મૂસા." યાઅની કે, ઝરૂર જીતી ગયો તે કે જે ઝકાત આપીને પાક થયો (નૈકી કરીને સુધરી ગયો) અને તેના રબના નામને યાદ કરીને પછી નમાઝ પઢી. કઈ નહીં, તમેં તો દુનિયાની ઝિંદગીને ઈખ્તિયાર કરો છો. પણ આખેરત તો અફઝલ અને ઝિયાદહ બાકી રહેનારી છે. બેશક, આ વાતોં આગલા સહીફાઓમાં લખવામાં આવી ચુકી છે. મૌ. ઈબ્રાહીમ અને મૌ. મૂસાના સહીફાઓમાં.

સવાલ: અય રસૂલુલ્લાહ! આપ મને વસીયતના કઈ કલામ ફરમાવો?

જવાબ: હું તમને ખુદાતઆલાનો તકવા-ડર રાખવાની વસીયત કરૂં છું, કેમકે તમારા હર અમલનું તે માથું છે.

મેં અરઝ કીધી કે, ઔર ઝિયાદહ આપ કહીએ. આપે ફરમાવું કે, અય અબાઝર! તમારા ઉપર વાજિબ છે કે, તમેં કુરઆને કરીમની તિલાવત કરો, ખુદાતઆલાની ઝિક્ર કરા કરો, કેમકે જો તમેં આ અમલ કરશો તો ખુદાના ફરિશ્તા આસ્માન પર તમારી ઝિક્ર કરશે અને તેના સબબ ઝમીન પર તમને નૂર હાસિલ થાશે.

મેં કહ્યું. ઔર ઝિયાદહ. આપે ફરમાવું કે, તમેં જેહાદને લાઝિમ રહેજો, કેમકે જેહાદના સબબ મારી ઉમ્મતના લોગો દુનિયાને છોડવા પર અને આખેરત તરફ જાવા વાસ્તે આમાદહ થાશે.

મેં અરઝ કીધી કે, ઔર ઝિયાદહ. તો આપે ફરમાવું કે, તમેં હક્ક અને ખૈર સિવાય તમારી ઝબાનને કૈદ કરી દેજો, ઝબાઁદરાઝી ન કરજો, ચુપ બેસી રહેજો. બકવાસ કરશો તો ઝલીલ થાશો અને જોઈતું જ બોલશો તો ઈઝઝત સચવાયેલી રહેશે. ચુપ રહેશો તો શયતાન તમારાથી રૂસ્વા થઈ જાશે અને તમારા દીનના હર કામમાં તમને મદદ મિલશે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**ઝબાનને સહી તૌરથી ઈસ્તેમાલ કરવાનું વિચારશો તો ગુસ્સો નહીં કરો.**

(પેજ નં. ૬ નું બાકી)

મેં અરઝ કીધી કે, ઔર ઝિયાદહ. આપે ફરમાવું કે, તમેં યાદ રાખજો કે, ઝિયાદહ હસવું તમારા દિમાગમાં ફસાદ પૈદા કરે છે અને તમારા દિલને મારી નાંખે છે. હસવાના સબબ તમારી વાતનું વઝન ઘટી જાય છે અને ચહેરાનું નૂર ચાલું જાય છે.

મેં અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ ઝિદની, ઔર ઝિયાદહ. આપે ફરમાવું કે, તમેં તેના તરફ નઝર કરો કે જે તમારા કરતા નીચા હોય અને ના નઝર કરો તમેં તેના તરફ જે તમારા કરતા ઉપર હોય. યાઅની કે, ખુદાતઆલાએ તમને જે નેઅમતોંથી નવાઝેલા છે તેના કરતા જેના પાસે ઓછી નેઅમતોં છે તેને જોશો તો તમેં ખુદાનું અહેસાન માનશો અને નેઅમતોં પર શુક્રગુઝારી કરશો. જો તમેં એવા શખ્સને જોશો કે જેના પાસે નેઅમતોં વધારે છે તમારા કરતા, તો તમેં હસદ અને લાલચમાં ગિરફ્તાર થાશો. આ બે એવા દુશ્મનોં છે જે તમારા સુકૂનને ખત્મ કરી નાંખશે.

મેં અરઝ કીધી કે, ઔર ઝિયાદહ. તો આપે ફરમાવું કે, અગર તમારા કરાબતદાર રિશ્તેદારોં તમારાથી તઅલ્લુકાતને તોડી નાંખે તો તમેં તેઓના સાથે મોહબ્બત કાઈમ કરવામાં પહેલ કરજો. તમેં મિસ્કીનોં સાથે બેસવામાં શરમ મહેસૂસ ન કરજો પણ તેઓના સાથે હમદર્દીથી પૈશ આવજો. આકિલ શખ્સોની સોહબત કરજો કેમકે તેના સબબ તમારા ઝહેનની કુશાદગી થાશે અને ખયાલાત રોશન થાશે.

મેં અરઝ કીધી કે, ઔર ઝિયાદહ. આપે વસીયત ફરમાવી કે, તમેં ખુદાનો ખૌફ કરો જે વક્ત કે તમેં કોઈ ગુનાહ કરો અને પછી તમેં ખૌફથી આઝાદ થઈ જાવ જે વક્ત કે તમેં તે ગુનાહ વાસ્તે તૌબા કરો. જેમ આગની ગરમી લોખંડને ઓગાલી દે છે તેમ તૌબા કરવું ગુનાહને ઓગાલી દે છે.

આપે મારી છાતી ઉપર હાથ મુકો અને ફરમાવું, નથી કોઈ આકિલનો અમલ મગર તદબીર કરવું. નથી કોઈ ફૈયાઝદિલી મગર દૌલતને તેના હક્ક મુજબ ઈસ્તેમાલ કરવું, ન ઝિયાદહ ન કમ. નથી કોઈ વિરાસત મગર ઉમ્દા અખ્લાક અને બહેતર સુલૂકથી પૈશ આવવું.

અય અબાઝર! તમેં ના જાણતા હોવ તો જાણી લો. તમેં નમાઝને પઢી લો તે પહેલા કે તમને દિન-રાતના કોઈ પણ વક્તમાં નમાઝ પઢવાની તાકત ન રહે. આ નમાઝ તેના પઢનાર વાસ્તે એ મુજબ છે કે, જે વક્ત કોઈ શખ્સ બાદશાહના મહેલમાં દાખિલ થાય છે તો જહાઁ તક બાદશાહ પોતાના કામથી ફારિગ નથી થઈ જાતા, વહાઁ તક તે શખ્સ ચુપચાપ દરબારમાં ઊભો રહે છે અને ઈન્તેઝાર કરે છે કે, કિવારે બાદશાહ તેના તરફ નિગાહ કરે. એ જ મુજબ એક નમાઝી જે વક્ત ખુદાના ઈઝનથી નમાઝને કાઈમ કરે છે, યાઅની કે ખુદાના દરબારમાં હાઝિર થાય છે તો જહાઁ તક નમાઝી પોતાની નમાઝથી ફારિગ નથી થાતો વહાઁ તક ખુદા તેનાથી તેની નિગાહને નથી ફિરાવતો. ખુદાતઆલા બરાબર તેની ઝિક્ર કરનાર બંદાના અમલ પર નઝર જમાવી રાખે છે.

અય અબાઝર! તમેં ના જાણતા હોવ તો જાણી લો. તમારી આ ઝબાન ખૈર અને શર બેવે વાસ્તેની ચાવી છે. તમેં ઝબાન ખોલશો તો યા તો તમેં ખૈર બોલશો યા શર બોલશો. ખૈરને બોલવું હોય તો તમેં બોલવામાં ખચકાશો નહીં પણ જો તમને ખૌફ હોય કે ઝબાનથી શર નિકલી જાશે તો તમારી ઝબાનને સીવી દેજો. જે મુજબ તમેં તમારા અહમ સામાન અને દસ્તાવૈઝને, સોના-ચાંદી-જવાહેરાતને એક સંદૂકમાં હિફાઝતથી રાખો છો.

અય અબાઝર! તમેં ના જાણતા હોવ તો જાણી લો. કોઈ ચીઝ દુનિયામાં એવી બની નથી કે, જે ખુદાતઆલાની રહેમતથી દૂર હોય. હર અમલના સાથે તેનો નફો અને નુકસાન જોડાયેલું છે. જો ખુદાની રહેમત થાય તો કોઈ પણ નુકસાનને નફામાં તબ્દીલ કરવામાં વાર લાગતી નથી. દુનિયામાં ઔલાદ અને માલને ખુદાએ ફિત્નાની ચીઝ બનાવેલી છે. ખુદા આ બે ચીઝથી તમારી આઝમાઈશ કરશે. તમેં જાણજો કે, તમારો માલ અને તમારી ઔલાદ તમને ગિરફ્તારે શુગ્લ ન કરી દે. આ ચીઝો તમને રાહત કમ મગર મહેનત ઝિયાદહ આપશે. તમેં ના તેનાથી અલગ થઈ શકશો ના તે તમારો પીછો છોડશે. ✯

**દીનને કામિલ કરવું હશે તો નિકાહ કરશો.**

## ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ

### ઈમામત - કિસ્ત : ૧૪

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મક્કતુલ મુકર્રમહમાં જે વક્ત આપ ૪૦ સાલના હતા, નબીના અઝીમુશ્શાન મરતબા પર ફાઈઝ થયા. ઘણા વરસો તક આપના બૈરો મૌ. ખદીજતુલ કુબરા (રિ.અ.), આપના કાકાજી મૌ. અબૂ તાલિબના દીકરાઓ મૌ. અલી અને મૌ. જાઅફર (રિ.અ.) ઈબાદત કરવામાં આપના સાથે ને સાથે રહ્યા. આપ બાતિની તૌર પર દાઅવતનો કારોબાર ચલાવતા હતા. કોઈ મસ્જિદ ન હતી અને આપના સિવાય કોઈ બીજી જગા પર નમાઝ પઢવા કે બીજાને નમાઝ પઢાવવાનો મૌકો જ ઊભો ન્હોતો થયો. આપ જ તમામ ઈબાદતોંનો સરંજામ કરતા હતા અને મૌ. અલી (અ.સ.) આપના બાઝૂદાર રહીને આપની પૂરી હિમાયત કરતા હતા. ૧૩ સાલ મક્કામાં ગુઝારા બાદ જે વક્ત આપે હિજરત ફરમાવી અને મદીનતુલ મુનવ્વરહમાં આપના હાથ પર મસ્જિદે કુબા અને મસ્જિદે નબવી તાઅમીર થઈ, તે બાદ નમાઝનો નિઝામ ખૂબ પુખ્તા થઈ ગયો અને મુખ્તલિફ મસ્જિદોંમાં આપે આપના અસ્હાબ માંથી નમાઝ પઢાવવાની ઈજાઝત આપવાની શુરૂ કીધી. આપે લોગોને ઈમામ અને ઈમામતની નમાઝના કાનૂન સમઝાવા અને તેના વાસ્તે એહકામે શરીઅતથી આગાહ કીધા.

કોઈ શખ્સ જે આપના અસ્હાબ માંથી હોય અને આપના સાથે એકલા નમાઝ પઢતા હોય તો તે અલગ વાત હતી અને જે વક્ત તે જ શખ્સને ઈમામતની ઝિમ્મેદારી અને નમાઝ પઢાવવાની રઝા ઈનાયત કરવામાં આવતી તો તે બિલકુલ અલગ વાત હતી. આપે ઈમામતની નમાઝના કાનૂન મુકર્રર ફરમાવા અને એ રીતે તમામને હિદાયતોં આપી. આના મુતઅલ્લિક અઈમ્મતે તાહેરીન (અ.સ.) થી ઘણી રિવાયતોં આવેલી છે. આપ ફરમાવે છે કે, જે વક્ત કોઈને નમાઝ પઢાવવાની રઝા આપવામાં આવે તો તેના પર વાજિબ છે કે, તે નમાઝમાં તખ્ફીફ કરે, દરાઝ ન કરે અને એમ સમઝે કે, તે લોગો માંથી ઝઈફોને, કમ તાકત રાખનાર ભાઈઓને યા તબીઅતના કમ્ઝોરને નમાઝ પઢાવી રહ્યો છે. યાઅની કે, નમાઝ પઢાવનાર ઈમામ, નમાઝમાં શામિલ થાનાર કમ્ઝોરમાં કમ્ઝોર શખ્સનો ખયાલ રાખે. કિયામને દરમિયાન લંબી-લંબી સૂરતોં ન પઢે, રૂકુઅ અને સજદાને દરાઝ ન કરે, તશહહુદમાં લાંબા વક્ત તક ન બેસે યા કોઈ પણ અમલ એવો ન કરે કે જેનાથી ઝઈફોંને તકલીફ પહોંચે.

નમાઝ પઢવી તે કરારે દિલ વાસ્તે હોય છે અને તેનો મકસદ હુસૂલે સવાબનો હોય છે. બયાન આવેલું છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની નમાઝ મુકમ્મલ તો હતી જ પણ મુખ્તસરમાં મુખ્તસર હતી. આપ જે વક્ત તન્હા નમાઝ પઢતા તો આપની નમાઝ પઢવાની કૈફીયત અને તરહ જુદા હતી યાઅની નમાઝને દરાઝ કરતા હતા અને જે વક્ત મસ્જિદમાં યા સફરમાં યા જંગમાં અહલે ઈસ્લામને નમાઝ પઢાવતા તો આપની ઈમામત કરાવવાની કૈફીયત પૂરી જુદા હતી યાઅની નમાઝને જેમ બને તેમ મુખ્તસર વક્તમાં પઢાવતા હતા. જે વક્ત આપ એમ કરતા તો આપ ખયાલ રાખતા કે, નમાઝના અરકાનમાં કોઈ કુસૂર તો નથી રહેતો ને! આનાથી હર નમાઝી પર લાઝિમ બને છે કે, તે નમાઝને લંબાણથી પઢે કે વક્તે મુખ્તસરમાં પઢે પણ તેના અરકાન, કાનૂન, તસ્બીહો યા દોઆઓમાં કોઈ કુસૂર, ખામી કે ખલલ થાવો જોઈએ નહીં. બા-અરકાન નમાઝને જ ખુદાતઆલા મકબૂલીયતની મોહર લગાવે છે. ✯

## નસીહત

મૌ. લુકમાન હકીમ પોતાના ફરઝંદે અરજુમંદને નસીહત કરતા ફરમાવે છે કે, ગૌરની નિગાહથી જો અને ખૂબ ફિકર કરીને કોઈના સાથે પણ હમનશીની ઈખ્તિયાર કર. જો તુંને એવા લોગો મિલી જાય જે ફરઝોં અદા કરવામાં કામિલ હોય, વહેવારૂ હોય અને ઝબાન-આઁખ-દિલથી ચોખ્ખા હોય તો તેમના સાથે ઝરૂર બેસજે. અગર તું તેમના કરતા ઝિયાદહ જાણતો હોઈશ તો તારૂં ઈલ્મ તુંને અને તેમને બેવેને ફાયદો કરશે. જો તારા કરતા તેઓ આલિમ હશે તો તેમના ઈલ્મથી તુંને ફાયદો પહોંચશે. જો ખુદાની રહેમત તેઓના ઉપર નાઝિલ થાશે તો તું પણ તેમાં શામિલ થઈ જઈશ.

હવે જે લોગો બેવકૂફ અને નાદાન હોય તો તેઓ સાથે તું બેસજે નહીં. જો તું આલિમ હોઈશ તો તારૂં ઈલ્મ ઝાયેઅ જાશે અને તેઓની નાદાની-કમઅકલી ના સબબ તેઓને તારા ઈલ્મનો કોઈ ફાયદો નહીં પહોંચે. જો તું તેમના કરતા જાહિલ હોઈશ તો તું તેમના સબબ ઔર ઝિયાદહ જેહાલતમાં ગિરફ્તાર થઈશ. જે અઝાબમાં ખુદા તેઓને નાંખશે તો શાયદ તું પણ તે અઝાબનો હિસ્સેદાર બની જઈશ. ✯

**બચ્ચાંની બરાબર તરબીયત કરવી હશે તો દીનની હકીકતને સમઝાવશો.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૩૦

રહેમતુલ લિલ આલમીન, શાફેઉલ મુઝનેબીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના ચહેતા અને મોઅતબર સાહેબ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) ને અલામાતે યૌમે કેયામત-ઈબરતનાક નિશાનીઓ બતાવતા ફરમાવે છે કે, "ખુદાતઆલાએ બૈરોને અક્લમાં, વિરાસતમાં અને શહાદતમાં અડધા કીધેલા છે. જે વક્ત બૈરો દુનિયા પર શાહી કરશે અને મરદો તેઓની ઝિદ અને દૌલતપરસ્તી સામે લાચાર થઈ જાશે તો કેયામત આવશે."

એમ કહેવાય છે કે, ફલાઁ મરદના નિકાહમાં ફલાઁ બૈરો છે. કોઈ એમ હરગિઝ નહીં કહે કે, ફલાઁ બૈરોના નિકાહમાં ફલાઁ મરદ છે. તો પછી બૈરો પર લાઝિમ છે કે, જે મરદ એને નિકાહમાં લઈને એને પોતાના ઘરે લઈ જાય તે બૈરો હર ખૈરમાં મરદને તાબેઅ રહે,ઈઝદેવાજી શરઈ કાનૂન મુજબ મરદની ફરમાઁબરદારી કરે. મરદને સરના તાજ અને ઈઝઝત ગરદાને. યાદ રહે કે, મરદ અને બૈરો કોઈ લેહાઝથી એક જેવા નથી. જો મરદ-બૈરોના જિસ્માની તકાઝા એક જેવા ન હોય તો નફસાની, અક્લી કે સમાજી ચીઝો વાસ્તે તો સવાલ જ ઊભો થાતો નથી! દાઅવતે શરીફહના રૂહાની મરતબા પર બૈરો કાઈમ થઈ શક્તા નથી, પછી તે નબી હોય યા વસી યા ઈમામ યાકે દાઈ. બૈરો મરદોને નમાઝ પઢાવી શક્તા નથી, જેહાદ કરી શક્તા નથી, હૈઝની હાલતમાં નમાઝ-રોઝા કરી શક્તા નથી.

ખુદાતઆલાએ બૈરોને ઘર સંભાલવાની, ઔલાદની પૈદાઈશથી લઈને તેની તરબીયત કરવાની અઝીમ ઝિમ્મેદારી બખ્શેલી છે. બૈરોમાં એવી ખાસીયત છે કે, **તે ઘરના તમામ અફરાદ નાનાથી લઈને બુઝુર્ગ તકને મોહબ્બતના તારથી બાંધીને રાખે છે.** ઘરના રિશ્તાઓને બાખૂબી સંભાલે છે. ઘરના હાલાત મુજબ તમામના તકાઝાને પૂરા કરવાની સુલાહીયત રાખે છે. પડદગી અને પારસાઈ સાથે ઘરના એક અહમ-અડગ રૂક્ન બનીને રહે છે. ઘરનું બાતિન, બાતિન રહે તેની પૂરી કોશિશ કરે છે અને બેવે હાલાત-તંગદસ્તી યા તવંગરીમાં ઝિંદગીની રાહને હમ્વાર કેમ કરવી તે જાણે છે.

બૈરોને આ બુનિયાદી ઝિમ્મેદારીથી નિકાલીને તેને શાહી કરાવવામાં આવે, હુકમરાની સોંપવામાં આવે અને મુલ્ક-ઘરના ફેસલાની ચાવી હાથમાં થમાવી દેવામાં આવે તો શું હશ્ર બરપા થાય? બૈરોની તખ્લીક જઝબાત પર છે. તેની બિનીયત અને તબીઅતમાં હિર્સો હસદ છે. આ ચીઝો એક હુકમરાન-સુલ્તાનની ખુસૂસીયતને ખિલાફ છે. જે વક્ત બૈરો કોઈ મુલ્કની હુકમરાન બનીને ઝાહિર થાશે તો સમઝજો કે, તે મુલ્કની તરક્કી કમ મગર બરબાદી ઝિયાદહ થાશે. જે વક્ત આ દુનિયાની ઝિયાદહરત ઝમીનના હિસ્સા પર બૈરો રાજ કરશે, હાકિમ બનીને બેસી જાશે, તમામ ચીઝોનો કબ્ઝો પોતાના હાથમાં લઈ લેશે અને બીજા તમામ લોગો મૂંગા જેમ જોયા કરશે, બૈરોના ઝુલ્મના સબબ મજબૂર થઈ જાશે, તો જાણી લેજો કે કેયામત કરીબ છે અને રૌઝે કેયામત આવવાની બીજી બેશુમાર નિશાનીઓ માંથી આ એક નિશાની છે. ✯

---

હક્કના સાહેબને હજ્જની "ઈસ્તેતાઅત" નો સવાલ કરવામાં આવો તો આપે ફરમાવું કે, હજ્જ વાસ્તેની ઈસ્તેતાઅતમાં ફક્ત સફરનો તૌશો કે સવારી કાફી નથી. મગર તેની સહી માઅના એ છે કે, જે શખ્સ હજ્જનો ઈરાદો કરે તો પહેલા તેની ઈસ્તેતાઅતને તપાસે. તે એ છે કે, હજ્જ કરનાર શું સફરની શિદ્દત, સખ્તી અને મહેનતને બરદાશ્ત કરી શકશે? પૂરા સફર દૌરાન શું તેના પાસે રહેવા-જમવાનો સાઝો સામાન છે યા ખર્ચ કરવાની તાકત છે? વતનમાં તેની ગૈરહાઝરીમાં તેના ઘરના લોગોના ગુઝર-બસર વાસ્તે શું પૂરતો ઈન્તેઝામ કીધેલો છે? આ સાથે શું તેના વાસ્તે સફરમાં અને અહલો અયાલ વાસ્તે વતનમાં અમાન છે, જાનને કોઈ ખૌફ તો નથી ને? આ તમામ ચીઝ બરાબર હોય તો તે શખ્સને કહેવાય કે, તે હજ્જ કરવાની ઈસ્તેતાઅત રાખે છે. કોઈના પાસે એટલી જ રકમ હોય કે તે ફક્ત હજ્જનો ખર્ચ નિકાલી શકે અને બીજી કોઈ જ ચીઝ તેનાથી ન થઈ શકે તો શું કરે? એવી હાલતમાં તે ઈસ્તેતાઅત વાલો કહેવાય. તે ઝરા પણ શરમાઈ નહીં. હજ્જ પઢી લે, ભલેને દુમ કપાયેલા ગધેડા પર પણ હજ્જ કરવાની નૌબત આવે તો પણ કરે. ✯

**દુનિયાના હમ-ગમને ભુલાવવા હશે તો મૌ. ઈમામ હુસૈન (અ.સ.) પર માતમ કરશો.**

## નાદે અલી

અજબ યારો આલી મકામે અલી છે,
કે અલ્લાહનું નામ નામે અલી છે.
તું અય દિલ, ન ઘબરા સખત મુશ્કિલી માં,
કે હલ્લાલે મુશ્કિલ જનાબે અલી છે.
અલી પર અયાં છે હરએક સિર્રે ખાલિક,
અલી રાઝદાને ખફીયો જલી છે.
અલી ને મોહંમદ છે મિન નૂરે વાહિદ,
અલી છે મોહંમદ, મોહંમદ અલી છે.
અલીના સિવા કૌન કાઅબામાં જન્મા,
એ મૌલૂદે કાઅબા તો હક્કના વસી છે.
ઝમાનાની ગરદિશની પરવાહ છે કોને,
કે વિર્દે ઝબાઁ મારા નાદે અલી છે.
નબીના પછી ઝૈબે મહેરાબો મિમ્બર,
હુસૈનો, હસન, ફાતેમા ને અલી છે.
સનાખ્વાઁ છું આલે નબીનો હું દિલથી,
દોઆતોના ઘરથી આ દાઅવત મિલી છે.
ચુમ્માલીસમાં દાઈની છે વરસી પહેલી,
ફઝીલત જે તૈયેબ ઝિયાની જલી છે.
આ હાતિમ ઝકી શેહના અબરે કરમથી,
શિગુફતા હરએક અહલે દિલની કલી છે.
ચમન તૈયેબીમાં મહેક ગુલની અઝહર,
હરએક બૈત સાચામાં ગુલની ઢલી છે. ✯

---

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, બહેતરમાં બહેતર હજ્જ તે હજ્જે તમત્તોઅ છે. તમત્તોઅની હજ્જ કરનાર શખ્સ અહેરામની હાલતમાં મક્કામાં દાખિલ થાય, મીકાત આવે તો તલ્બીયહ બોલે, ઉમ્રહની નિય્યત લે, કાઅબતુલ્લાહના દીદાર કરે, ઉમ્રહ ઉતારવા વાસ્તે બૈતુલ્લાહના તવાફ દે, સફા-મરવહના દરમિયાન સઅય કરે, નાખુન કતરે, માથા અને દાઢી માંથી થોડા બાલ લે, હજ્જ વાસ્તે થોડા બાકી રાખે, ઉમ્રહના એહરામને છોડી દે તાકે જે ચીઝ તેના વાસ્તે એહરામમાં હરામ હતી તે હલાલ થઇ જાય. તે પછી હજ્જના અય્યામનો ઈન્તેઝાર કરે. ઝુલહિજ્જહની ૮ તારીખે હજ્જનો નવો અહેરામ બાંધે. અરકાને હજ્જ અદા કરે. મિનામાં કુરબાની કરે. હજ્જનો અહેરામ ઉતારવા તવાફ અને સઅય કરે. તો તેની તમત્તોઅની હજ્જ થઈ કહેવાય. ✯

## તિજારત


**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

---

**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**


## BEST WISHES



Brother Mustafa I. Baldiwala participated in 2 hours non-stop skating and won 3rd place in Fancy Dress Competition on skates organized on 28th May 2016 at Unnati Skating Ring, Karelibaug, Vadodara by Baroda District Roller Skating Association. He was awarded Certificate in this regard. ✯

**આઝાદીના સબબ ઔલાદ બિગડે તેના કરતા પહેલાથી તેને ઝરૂરી તરબીયત આપવી કાબિલે મન્ઝૂર છે.**

**દિમાગને તરો-તાઝા રાખવું હશે તો કોઈ બહેતર કિતાબને પઢશો.**

(પેજ નં. ૨ નું બાકી)

✵ કીડીઃ એક કીડી બીજી કીડીઓ સાથે મિલીને મોટા-મોટા કામને અંજામ આપે છે, કામ કેટલું પણ નાનું હોય પણ પોતાનું ફરઝ સમઝીને કરે છે. નાની-નાની કીડીઓ મિલીને મોટા કદાવર હાથીને હંફાવી દે છે.

• અપનેઃ મુમિન ગમે તેવો નાનો હોય પણ અક્લમાં તે ખૂબ તૈઝ હોય છે. મુમિન ભાઈઓ જો એક સાથે કૌમની ફલાહો બહેબૂદી વાસ્તે કોશિશ કરે તો મુશ્કિલથી મુશ્કિલ કામ આસાન થઈ શકે છે. અપની તાકત એકસાથે રહેવામાં છે. એકબીજાને સમઝીને અરસ-પરસ મદદ કરીએ. **Team Work** કરવાથી હોંસલો ને હિમ્મત બરકરાર રહે છે.

✵ કીડીઃ તે પોતાના સરદારને હર પલ તાબેઅ રહે છે. તેને જે કામ સિપુર્દ કરવામાં આવું હોય તેને વફાદારીથી કરે છે. સરદારની નાફરમાની તેની તબીઅતમાં નથી, લેહાઝા ખૂશી, કામિયાબી અને ઈત્મિનાન તેના કદમ ચુમે છે.

• અપનેઃ દાઈ મુમિનના ઈલ્મો અમલના સેન્ટર છે. દાઈ, સરદારે રૂહાની છે. આપની તાબેઅદારી અને ફરમૉંબરદારીથી મુમિનના અમલમાં બરકત અને રાહત છે. દાઈની રઝામાં રઝામંદીએ ખુદા અને ખુશ્નૂદીએ રસૂલ છે. દાઈએ અપના વાસ્તે દીનો દુનિયાના આઅમાલની જે હદ મુકર્રર કીધી હોય તેના મુજબ અપને ચાલીએ તો પછી અપના વાસ્તે દુશ્વારી અને પરેશાની કયા કામમાં હોય શકે.

✵ કીડીઃ તે ખૂબ હુશિયારીથી ઘર બનાવે છે. તેના નાના બચ્ચાઓ અને બેડાઓ વાસ્તે ગરમી-ઠંડી-નમીની મિકદાર બરાબર સચવાઈ અને તેના સરદાર સલામત રહે તેની ખાસ તકેદારી રાખે છે.

• અપનેઃ અપને ખુદને, ભાઈઓને, પડોશીઓને, જમાઅતના મુમેનીનને અને અપના ખૈરખ્વાહોંને દુશ્મનોંની બદ નઝર અને ખરાબીથી સાચવીને અપને અપના આઅમાલને, અકીદાને, ઘરેલું મુઆમેલાતને, રાઝની વાતોંને, જમાઅતની ઈઝ્ઝતને સાચવીએ. જમાઅત અપનું ઘર છે. તે ઘરમાં અપનું ઘર છે. જો અપને જમાઅતના ઘરને આઁચ આવવાથી નહી બચાવીએ તો અપનું ઘર તહેસ-નહેસ થાવામાં વાર નહીં લાગે.

✵ કીડીઃ તેનામાં ઝબરદસ્ત નેટવર્કની કાબિલીયત હોય છે. જે રાહ પર તે ચાલે છે અને જે કામ તે કરે છે, તો શું તે રાહ અને કામ બીજા વાસ્તે ખતરનાક કે મુસીબતવાલું તો નથી ને તે જાણી લે છે. જો ખતરો મહેસૂસ થાય તો તે ફૌરન બીજાને ચોંકન્ના કરી દે છે. પોતે પણ બચે અને બીજાને પણ બચાવે. તેનામાં આપસી તાલમેલ ગઝબનો હોય છે.

• અપનેઃ તે મુમિન જ ન કહેવાય કે જે ચીઝને ખુદના વાસ્તે નાપસંદ કરે તે બીજા વાસ્તે સહી ઠહેરાવે, યા જે ચીઝ પોતાને પસંદ આવે તે બીજા વાસ્તે નાપસંદ કરી દે. અપને જે ચીઝમાં ખતરો લાગતો હોય તેનાથી બીજાને ઝરૂર આગાહ કરી દેવા જોઈએ. મહબ્બત અને મદદના નેટવર્કથી જ જમાઅત ખુશહાલ બને છે. અપને નૈકીની રાહ પર ચાલીને, તેના પર બીજાને ચલાવીએ તો બિલાશક ઝિંદગીની તસ્વીર બદલી શકીએ છીએ. ✫

> **એક છોટી સી કીડી ને કિયા મુઝસે યે કલામ,**
> **બેકાર પડે રહેના નહી હે મેરા યે કામ,**
> **ચલ ઉઠ, પકડ કે રાહ કદમ કો બઢાએજા,**
> **હર કામ કા ઈસી તરહ હોતા હે ખુશ અંજામ.** ✫

**ઈમામે આલે મોહંમદ (સ.અ.) થી સવાલ થયો કે, કોઈ શખ્સ હજ્જ કરે અને તે ઝમાનાના ઈમામે હક્કની માઅરેફતથી ગાફિલ હોય યા તેના તરફ તે હુકમે વલાયતે ઈમામ ન પહોંચો હોય અને હજ્જથી ફારિગ થયા બાદ અલ્લાહતઆલા તેના વાસ્તે એવા અસ્બાબ બનાવે કે તેને માઅરેફતે ઈમામુઝ્ઝમાન (અ.સ.) નસીબ થાય તો તેના હજ્જની શું કૈફીયત? તે શખ્સની હજ્જ કાફી છે, મગર તે જો દોબારહ હજ્જ પઢે તો મને ઝિયાદહ પસંદ છે. અગર તે શખ્સ "નુસ્બ" યા "નાસેબીયત" નો અકીદો રાખતો હોય યાઅની ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતમાં માનતો ન હોય અને અહલુલ બૈતનો વકાર સમઝતો ન હોય અને તે હજ્જ કરે તે બાદ અલ્લાહતઆલા તેને તૌફીક અતા કરે કે તેના દિલમાં હક્કનું નૂર દાખિલ થાય અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના અકીદા પર ચાલતો થાય તો તેના ઉપર દોબારહ હજ્જ પઢવું વાજિબ છે. નાસેબીયત શરીઅતના તમામ અરકાનને બેમાઅના કરી દે છે. "નુસ્બ" ના સબબ જો હજ્જ જેવો અઝીમ રૂક્ન ઝાયેઅ થઈ જાતો હોય તો પછી નમાઝનો શું હાલ?** ✫

**યાદદાશ્તને તૈઝ રાખવી હશે તો કુરઆને કરીમને રોઝ ફજરમાં પઢશો.**

(પેજ નં. ૧ નું બાકી)

ખુદાતઆલાના નબી ફક્ત તેના ઝમાનની ઈલાહી કિતાબના આલિમ નથી હોતા મગર તેના પહેલા ગુઝરેલા તમામ અંબિયાની કિતાબો અને સહીફાઓના આલિમ હોય છે. તે હર કિતાબથી હસ્બે ઝરૂરત લોગો દરમિયાન ફેસલો કરી શકે છે. મગર ખુદાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) માં તમામ ઊલૂમો ફુનૂનને જમા કરી દીધા છે. આપના ઉપર કુરઆને મજીદની શિક્લમાં એવી કિતાબ નાઝિલ ફરમાવેલી છે કે, જે કિતાબ આગલા તમામ અંબિયાની કિતાબોનો મજમૂઓ છે. લેહાઝા કુરઆને મજીદનું બીજું નામ "જવામેઉલ કલેમ" પણ છે. યાઅની ખુદાના તમામે તમામ કલામોનો મજમૂઓ. આ કિતાબ ખુદાના આખિરી કલામ છે. આ કિતાબ ઉપર આખિરી શરીઅત ઉભેલી છે. આ કિતાબના ફેસલા આખિરી છે. આ કિતાબની ઝિક્રમાં બીજી તમામ ઝિક્રો શામિલ છે. જે હલાલો હરામ આ કિતાબના માતહત મુકર્રર છે તેમાં કેયામતના દિન તક કોઈ તબ્દીલી નથી. કોઈ મખ્લૂકની દખલઅંદાઝી મુમ્કિન નથી. કોઈનો ઝાતી ફાયદો, મનમાની કે ઝિદની ગુંજાઈશ નથી. કિતાબુલ્લાહના પાયા પર નબી સાહેબે ફરમાવેલા ફેસલા હર કોઈને વાસ્તે સરખા છે, એક છે અને સાબિત છે. ☆

---

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, જે શખ્સ ગુઝરી જાય અને તે દીને ઈસ્લામના એહકામ-અરકાન મુજબ હજ્જ અદા ન કરે હાલાંકે તે તંદુરસ્ત હોય, તેનો કારોબાર હોય, સફર કરવાની પૂરી ઈસ્તેતાઅત હોય, તાકત હોય, માલો ઝરવાલો હોય, કોઈ તરહની સખ્તી ન હોય, એવી કોઈ બીમારી ન હોય કે જેના સબબ તે હજ્જ ન પઢી શકે, સલ્તનત તરફથી કોઈ એવી રૂકાવટ ન હોય, તો તે શખ્સ યહૂદી અને નસ્રાનીની મૌત મરો. યાઅની કે, તમામ તરહની તાકત હતી ને હજ્જ પઢવાથી બેરૂખી ઈખ્તેયાર કીધી તો તેએ પોતાની ઝિંદગીની ખૂબ મોટી ખતા કીધી. એવી ખતા કે તેની મૌત નેઅમત બનીને ન આવી પણ આફત અને વહેશત લઈને આવી. ☆

## દોઆ

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, ૬ શખ્સોની દોઆ ખુદાતઆલા ઝરૂર કુબૂલ ફરમાવે છે :

(૧) બાવાજીની દોઆ જે પોતાના નૈક ફરઝંદ વાસ્તે કરે.

(૨) નારાઝ બાવાજીની દોઆ જે પોતાના નાફરમાન ફરઝંદ વાસ્તે કરે.

(૩) મજબૂર-મઝલૂમની દોઆ જે ઝાલિમ વાસ્તે કરે.

(૪) મુમિનની દોઆ જે પોતાના ભાઈની ભલાઈ અને ખૈરીયત વાસ્તે કરે.

(૫) નૈક આબેદહ બૈરોની દોઆ જે પોતાના નૈક મરદની રોઝી વાસ્તે કરે.

(૬) અહલુલ બૈત (અ.સ.) અને આપની દાઅવતે હક્કની મોહબ્બતો મવદ્દત વાસ્તે જે એક મુખ્લિસ મુમિન ખુદાતઆલાની બારગાહમાં ગુઝારે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુંબઇમાં) થી કારેઇન હાસિલ કરી શકે છે. આ ભાઇઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઇમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★

## મુબારક બાદી

**મુબારક હો મુબારક કામિયાબી, ખુશી કી ઔર ફરહત કી હે ચાબી,**
**દોઆ દાઇઝ્ઝમાં કી રંગ લાઇ, ઝલકતી હે તુમ્હારી ઇસ મેં ખૂબી.**

ઈમ્તેહાનાત Exams માં કામિયાબ અને Pass થાવાની ખુશીનો એહસાસ અને તે લમહાત કઈ અનેરા જ હોય છે. તેમાંથી ચંદ ઘડીઓ તો ઝિંદગીભર પત્થર પર નક્કાશી મુજબ દિલ પર તેની છાપ છોડી જાય છે. અલ-મૌલા અલ-મુકદ્દસ બાવાજી સાહેબ (આ.કુ.) આપની હર દોઆમાં જમાઅતના તાલિબે ઈલ્મો-ઝૈરે તાઅલીમ બચ્ચાંઓની ઈલ્મી સરફરાઝી ચાહતા હતા. આપના જાઁનશીન ૪૫ માં દાઈયુલ્લાહિલ અમીન અબુ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) નો પણ એજ ખ્વાબ છે કે, મુમેનીનના નૌનિહાલોંને હર તરહની તાઅલીમ મિલે, મુકમ્મિલ તરબીયત થાય અને ઈલ્મો ફનમાં તરક્કકીયાફતા થાય.


ખુદાતઆલાનો ફઝલો કરમ, અપની સૈ.અલી શહીદે આઅઝમ (આ.કુ.) ની જમાઅતે અલવીયહ નાજીયહ પર એ તરહનો છે કે, આજે હર field માં મુમેનીનના બચ્ચાંઓ અને જવાનો પૈવસ્ત છે, ઝાહિર છે, મૌજૂદ છે અને મશહૂર છે. આ સાલ મદ્રસહ તૈયેબીયહ અને મુખ્તલિફ સ્કૂલોંમાં Exams થઇ તેમાં આઅલા દરજહ અને ઉમ્દહ નતીજાથી કામિયાબ થાનાર Students ની હોંસલા-અફઝાઇ અને મુબારકબાદી વાસ્તે મિશ્કાતુલ હાદીમાં આ શુમારામાં તસ્વીરોં સાથેની વિગત શાયેઅ કરવામાં આવે છે.

મદ્રસહ તૈયેબીયહના ઝૈર ત્રણ જગાઓ પર દીની તાઅલીમના ક્લાસિસ લેવામાં આવે છે. કુલ મિલાવીને ૪૫૦ તાલિબે ઈલ્મોં પઢે છે જેઓ સવારે, બપોરે અને રાતે એમ ત્રણ વક્તોમાં આવે છે. આ જગાઓ પર પઢતા મુખ્તલિફ ક્લાસોંના પહેલા, બીજા અને ત્રીજા દરજા પર કામિયાબ થાનાર નૌનિહાલોંની તસ્વીરોં પૈશ કરવામાં આવી છે.

GSEB અને CBSE કોર્સમાં ભણતા અલગ-અલગ સ્કૂલોંમાં ઝૈરે તાઅલીમ Students કે જેઓ Std.1 થી Std.12 તક યા કોલેજમાં છે અને Final Exams માં Distinction યા First Class Pass થયા છે અને અપની જમાઅતનું નામ રોશન કીધું છે તેઓની તસ્વીર સાથે નામ ઝાહિર કરવામાં આવા છે.

### ધોરણ - ૧


ટ્રંકવાલા ફખરૂદ્દીન એ.
97.45%


લોખંડવાલા હુસેના વી.
96.33%


મોતીવાલા શબ્બીર એમ.
95.43%


કાચવાલા ફખરૂદ્દીન એ.
94%



મોતીવાલા યાસીન એચ.
93.66%


ટેલર ઝૈનબ એ.
93.33%

### ધોરણ - ૧



ચશમાવાલા નબીલ એસ.
A+


ચશમાવાલા તેયબા એમ.
A



કુવાવાલા સકીના ઝેડ.
90.33%

### ધોરણ - ૨


બંસીવાલા કુલસુમ એસ.
95.50%


દારૂવાલા તૌસીફ એફ.
A

### ધોરણ - ૩


ટીનવાલા અલીહુસેન એન.
A

**જૂઠ બોલશો તો બલામાં પડશો.**

## મદ્રસએ અંજુમને તૈયેબી – (સાલાના ઇમ્તેહાન માં ૧/૨/૩ નંબરે પાસ થયેલા બચ્ચાઓ)

મદ્રસએ અંજુમને તૈયેબી ના મુખ્તલીફ ક્લાસોમાં ખીદમત આપતા ઉસ્તાદ સાહબો **સુરકાવાલા યુસુફઅલી, મૌલવી ઇબ્રાહીમભાઇ, શીરાવાલા સુબ્હાનાબુ, હાફીઝ ગુલામનબી, મુ.ઇમદાદઅલી સુરકાવાલા, બુસાહબા શુકરાનાબુ, મુ.શીરીનબુ રંગવાલા, રશીદાબુ અત્તરવાલા, સુબ્હાનાબુ, નુરૂદ્દીન જરીવાલા, સુલ્તાનઅલી સુરતી, અજબશાહ માસુમાબુ, રેતીવાલા રૂકશાનાબુ, પાદરીયા મોઝ્ઝ્યના, પેટીવાલા અલીઅસગર, બુસાહબા હસનાબુ, ચીમનીવાલા મલેકાબુ, બુસાહેબા સાલેહાબુ, મુ.નાદેઅલી દુર્ગાવાલા** ના ઝૈર પઢતા બચ્ચાઓની તસ્વીરો અને નામોની યાદી.


ટેલર ઝેનબ એ.



ખોખાવાલા અબ્દુલઅલી જે.


ચશ્માવાલા ગુલફીશા એમ.


રંગવાલા ફાતેમા એ.


ટીનવાલા મોહંમદહુસેન આર.


ભાઇસાહેબ અબ્દુલઅલી બી.


બત્તીવાલા અયમન એફ.


સમલાયાવાલા સકીના એસ.



ઉમ્લ્લાવાલા ફરહાનઅલી એમ.


બાકરોલવાલા અફીફા એમ.


કેનવાલા શરફઅલી એ.


અબ્બાસવાલા અઝરા એફ.



મુરમુરવાલા અમાની એચ.


રંગવાલા સાફેઆ એ.


પેટીવાલા મુરતુઝા એ.


મેવલીવાલા કુલસુમ આઇ.


કાંટાવાલા અઝરા ટી.


મુસ્લીવાલા હુસેન એ.



કંજરીવાલા શેખઅલી એ.



સમલાયાવાલા સાહીલ એમ.



બરોડાવાલા અઝરા એ.


સોરંગવાલા મયમના એચ.



ટીનવાલા અલેફીયા એચ.


બંસીવાલા શાહીન એચ.


ઉમ્લ્લાવાલા ઝયનબ એમ.


બરોડાવાલા અલીઅબ્બાસ એ.


ભાઇસાહેબ ઝૈનુલ બી.


મોટરવાલા અમાન એ.


ભાઇસાહેબ અલીઅબ્બાસ બી.


ટીનવાલા અલેફીયા આઇ.

**તમેં કોઈની ખિદમત કરશો તો કોઈ તમારી ખિદમત કરશે.**

